# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh-Mumbai સંચાલિત

## માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક બોર્ડ

Matushree Maniben Manshi Bhimshi Chhadva - Dharmik Shikshan Board

વાર્ષિક પરીક્ષા **જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ** નું પેપર

**સવાલ સાથે જવાબ પેપર**

તા. ૦૭-૦૮-૨૦૧૬ • સમયઃ બપોરે ૨ થી ૫.૩૦ • શ્રેણી **૧૭** • ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 17**


પ્રશ્ન - ૧ : (ક) મૂળ પાઠ લખો - માગધી લખો :

૧) કાર્યોને ૨) ઉપદ્રવ રહિત ૩) વીતરાગદેવની આજ્ઞાનુસાર ૪) સૌથી ઉત્તમ

જવાબ-૧: (ક)

૧) જોગં ૨) સિવ ૩) આણાએ ૪) ઉત્તમા

(ખ) મન, વચન, કાયાનો ચોથો દોષ અર્થ સાથે લખો.

જઃ (ખ) મનનો ચોથો દોષ :- ગર્વ : સામાયિકમાં અભિમાન કરવું કે મેં જ સામાયિક કરી છે એવો મદ રાખવો.

વચનનો ચોથો દોષ : સંક્ષેપ : સૂત્રના પાઠને ટૂંકા કરીને બોલવા.

કાયાનો ચોથો દેષ : સાવદ્યક્રિયા : પાપકારી ક્રિયા કરવી, સાંસારિક કાર્ય માટે સંકેત કરવો અથવા ઘરની દેખરેખ રાખવી.

(ગ) નીચેના પ્રશ્નોના જવાબ આપો. (૬માંથી કોઈ પણ પાંચ)

૧) સૌથી મોટું કયું આગમ છે? તેમાં શેનું વર્ણન છે ?

જઃ (ગ) ૧) સૌથી મોટું આગમ ભગવતી સૂત્ર (વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ) છે. તેમાં ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીરને પૂછેલા ૩૬ હજાર પ્રશ્નોત્તર છે. ગોશાલક, જમાલી, જયંતિશ્રાવિકા આદિનું વર્ણન છે.

૨) આવશ્યક સૂત્રને અસજ્ઝાય કેમ નડતી નથી ?

જ : ૨) આવશ્યક ચતુર્વિધ સંઘને રોજ અવશ્ય કરવા યોગ્ય હોવાથી તમામ પ્રકારની અસ્વાધ્યાયને ઓળંગી ગયેલ છે. તેથી તેને કોઈ અસજ્ઝાય નડતી નથી. ગમે ત્યારે, ગમે તેવી સ્થિતિમાં તે કરી શકાય છે. માટે તેને નો કાલિકં નો ઉત્કાલિક સૂત્ર કહે છે.

૩) અશુચિસામન્તની સમજણ લખો.

જ : ૩) અશુચિસામન્ત : લોહી, મળ, વમન વગેરે અશુચિ. તિર્યંચ પ્રાણી-કૂતરાં, બિલાડી આદિના મળની પણ અસજ્ઝાય છે. ઔદારિક શરીર સંબંધી ૧૦ અસજ્ઝાયમાંથી ચોથી અસજ્ઝાય છે. દેખાય કે દુર્ગંધ આવે ત્યાં સુધી અસજ્ઝાય લાગે.

૪) ઉત્કાલિક સૂત્રનો સ્વાધ્યાય ક્યારે ન કરાય ? ચાર મૂળ સૂત્રમાંથી કેટલા સૂત્ર ઉત્કાલિક છે ?

જઃ ૪) ૩૨ અસજ્ઝાય ટાળીને ૮ પ્રહર કરી શકાય. ચાર મૂળ સૂત્રમાંથી ૩ સૂત્ર ઉત્કાલિક છેઃ તે દશવૈકાલિક, નંદી સૂત્ર, અનુયોગદ્વાર સૂત્ર (એક ઉત્તરાધ્યયન સૂત્ર કાલિક છે.)

૫) સામાયિકમાં કેવી પ્રવૃત્તિ ન કરવી જોઈએ ?

જઃ ૫) ૧) સામાયિકમાં બહેનોને ભાઇઓએ અને ભાઇઓએ બહેનોને અડવું નહીં

૨) કોઈ પણ જીવને દુઃખ થાય તેવું કરવું નહીં

૩) સામાયિકના ૩૨ દોષ ટાળીને સામયિક કરવી.

૪) સામાયિકમાં ખુલ્લા મોંઢે બાલવું નહીં.

૫) ઈલેકટ્રિક સાધનો કે સ્વિચોને અડવું નહીં કે વાપરવા નહીં તેમજ તે ચાલુ-બંધ કરવા માટે કોઈને કહેવું નહીં. આમ સામાયિકમાં કોઈ પણ હિંસા થાય તેવી પ્રવૃત્તિ કરવી જોઈએ નહીં.

૬) લોગસ્સ દ્વારા ભગવાન પાસે શું માંગવામાં આવે છે ?

જઃ ૬) લોગસ્સ દ્વારા ભગવાન પાસે (૧) આરુગ્ગ - આરોગ્ય, આત્મિક શાંતિ,, *૨) બોહિલાભં - બોધિલાભં સમક્તિ (૩) સમાહિવર મુત્તમંઃ શ્રેષ્ઠ સમાધિભાવ - આ ૩ વસ્તુ માંગવામાં આવે છે.

---

પ્રશ્ન - ૨ : શ્રી આચરાંગ સૂત્રના આધારે જવાબ લખો :

૧) ભગવાને પાપના પ્રત્યાખ્યાન શા માટે કર્યા હતાં ?

જવાબ - ૨ :

૧) સંસારમાં અજ્ઞાની પ્રાણી પરિગ્રહને કારણે કર્મ બાંધી કલેશ-દુઃખ પામે છે તેથી પ્રભુએ કર્મબંધનને સંપૂર્ણ રીતે જાણીને કર્મને ઉત્પન્ન કરનારાં પાપના પ્રત્યાખ્યાન કર્યા હતાં.

૨) નિર્દોષ આહારચર્યા માટે ભગવાન કેવો અભિગ્રહ કરતા હતા ?

જ : ૨) નિર્દોષ આહારચર્યા માટે ભગવાન અનુકૂળ, સરસ ભોજન ગ્રહણ કરવાની પ્રતિજ્ઞા કે સંકલ્પ કરતા ન હતા, પરંતુ નીરસ આહાર ગ્રહણ કરવાનો અભિગ્રહ કરતા હતા.

૩) ઇન્દ્રે દીધેલ વસ્ત્ર ભગવાને ક્યારે વોસિરાવી દીધું ?

જઃ ૩) ઈન્દ્ર દીધેલ વસ્ત્ર ભગવાને શિશિરઋતુના આરંભમાં વિહાર કરતાં રસ્તામાં વોસિરાવી દીધું

---

પ્રશ્ન -૩ : ઠાણાંગ સૂત્રના આધારે જવાબ લખો : (છમાંથી કોઈ પણ પાંચ)

૧) સ્થિતિના પ્રકાર લખો.

જવાબ - ૩: ૧) સ્થિતિ બે પ્રકારની : ૧) કાયસ્થિતિ એક જ કાયમાં નિરંતર જન્મ લેવાની સ્થિતિ ૨) ભવસ્થિતિ- એક જ ભવની કાળમર્યાદા. બે પ્રકારના જીવોની કાયસ્થિતિ કહી છે : મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિ.બે પ્રકારના જીવોની ભવસ્થિતિ કહી છે : નારકી અને દેવતા.

૨) સામાયિકના પ્રકાર લખો.

જ : ૨) સામાયિક બે પ્રકાર : ૧) આગાર : શ્રાવકની મર્યાદિત કાળની સામાયિક અર્થાત્ દેશ-વિરતી ૨) અણગાર : સાધુની (જાવજ્જીવ) સામાયિક અર્થાત્ સર્વવિરતિ.

૩) જન્મમરણના પર્યાયવાચી નામમાંથી કોઈ પણ બેની સમજણ લખો.

જઃ ૩) ૧) બે પ્રકારના જીવોમાં ઉપપાત જન્મ થાય છે - દેવનો, નારકીનો, દેવો શય્યામાં અને નારકી જીવો કુંભીમાં ઉત્પન્ન થાય છે તે અં.મુ.માં પૂર્ણ શરીરનું નિર્માણ કરી લે છે. તેથી તેમના જન્મને ઉપપાત જન્મ કહે છે. ૨) બે પ્રકારના જીવનું ઉદ્વર્તન થાય છે - નારકીનું, ભવનપતિ દેવોનું - નીચેથી ઉપર મધ્યલોકમાં આવે છે. ૩) બે પ્રકારના જીવોનું ચ્યવન થાય છે. જ્યોતિષ દેવોનું, વૈમાનિકનું - ઉપરથી નીચે આવવું. જ્યોતિષી અને વૈમાનિક દેવો ઊર્ધ્વલોકમાં રહે છે. તેથી મરણ પામીને નીચે મધ્યલોકમાં આવે છે. ૪) બે પ્રકારના જીવોની ગર્ભવ્યુત્ક્રાંતિ કહી છે. સંજ્ઞી મનુ., સંજ્ઞી તિ. પંચે. - માતાના ગર્ભથી જન્મ થાય તે મનુ. અને તિર્યંચ યોનિમાં.

૪) કયા ચક્રવર્તી નરકે ગયા ? શા માટે ?

જઃ ૪) સુભૂમ અને બ્રહ્મદત્ત નામે બે ચક્રવર્તી કામભોગનો ત્યાગ ન કરવાના કારણે નીચે સાતમી નરકનાં અપ્રતિષ્ઠાન નરકાવાસમાં નારકીપણે ઉત્પન્ન થયા.

૫) ચાર ગતિરૂપ સંસારરૂપી ગહન વનને પાર કરવા કયા ગુણોની જરૂર છે ?

તેનો બોલ કયા સ્થાનમાં-ઉદ્દેશમાં આવે છે ?

જઃ ૫) બે સ્થાનો (ગુણો)થી સંપન્ન અણગાર અનાદિ અનંત દીર્ઘ માર્ગવાળા નરક આદિ ચાર ગતિરૂપ સંસારરૂપી ગહન વનને પાર કરે છે. અર્થાત્ મુક્ત થાય છે, તે ૧) જ્ઞાન ૨) ચારિત્ર. તે ઠાણાંગસૂત્ર - સ્થાન-૨ : ઉદ્દેશક - ૧માં આવે છે.

૬) પૂર્વ-ઉત્તર દિશાનું મહત્ત્વ દર્શાવતા કોઈ પણ ચાર મુદ્દાઓ લખો.

જઃ ૬) નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓને પૂર્વ તથા ઉત્તર દિશામાં મુખ રખાવીને નીચેના કાર્યો કરવા કલ્પે છે.

૧) શિષ્યને દીક્ષિત કરવા કલ્પે છે. ૨) મુંડિત કરવા ૩) શિક્ષિત કરવા ૪) મહાવ્રતોનું આરોપણ કરવા ૫) etc. પાઠાવલી : ભાગ-૫ - પેજ :૩.

---

પ્રશ્ન - ૪ : જ્ઞાતા ધર્મકથા સૂત્રના આધારે જવાબ લખો : (કોઈ પણ પાંચ લખો)

૧) ધન્ય સાર્થવાહે પુત્રવધૂઓને પાંચ દાણા શા માટે આપ્યા ?

જવાબ - ૪ : ૧) ધન્ય સાર્થવાહે પોતાની ગેરહાજરીમાં પોતાના કુટુંબ માટે આધારરૂપ, આલંબનરૂપ, બધાંને એકસાથે બાંધીને કોણ રાખશે? પોતાના કુટુંબની એકતા, સંપ સાચવનાર, સંવર્ધન કરનાર કોણ હશે? તેવો વિચાર આવવાથી પત્રવધૂઓની પરીક્ષા કરવા માટે પાંચ દાણા આપ્યા, તેથી જાણી શકે કે કોણ તેનું સંરક્ષણ કરે છે, સંગોપન-સંભાળ રાખે છે કે સંવર્ધન કરે છે ?

૨) ભોગવતીને ધન્ય સાર્થવાહે શું કામ સોંપ્યું ?

જઃ ૨) ભોગવતીને ખાંડનારી, કૂટનારી, દળનારી, ધાન્યનાં ફોતરાં દૂર કરનાર, કઠોળની દાળ બનાવનારી, રાંધનારી, પીરસનારી, પીરસણા મોકલનારી, ઘરની અંદર દાસીનું કામ કરનારી અને રસોયણીરૂપે નિયુક્ત કરી.

૩) રોહિણી જેવા સાધુ-સાધ્વી કેવા હોય ?

જઃ ૩) રોહિણી જેવા સાધુ-સાધ્વી દીક્ષા લઈને, રોહિણીની જેમ પાંચ દાણા સમાન પાંચ મહાવ્રતોની વૃદ્ધિ, તપ, ત્યાગ, વૈરાગ્ય દ્વારા સંવર્ધિત કરે છે તેને ઉત્તરોત્તર નિર્મળ બનાવે છે, તે આ ભવમાં ઘણા શ્રમણો આદિ દ્વારા પ્રશંસાને પાત્ર બને છે. યાવત્ સંસારથી મુક્ત થાય છે.

૪) ધન્ય સાર્થવાહે કોને કોને આમંત્રિત કર્યા ?

જઃ ૪) ધન્ય સાર્થવાહે મિત્ર, જ્ઞાતિ તથા ચારે પુત્રવધૂઓનાં માતા-પિતા (પિયર વર્ગ)ને આમંત્રિત કર્યાં.

૫) ઉજ્ઝિકાએ દાણાનું શું કર્યું ? ત્યારે ધન્ય સાર્થવાહનો પ્રતિભાવ કેવો હતો ?

જઃ ૫) ઉજિઝકાએ દાણા ફેંકી દીધા હતા અને વિચાર કર્યો કે જ્યારે પિતાજી માંગશે ત્યારે કોઠારમાં ઘણા ચોખા ભર્યા છે, તેમાંથી આપી દઈશ. ઉજિઝકા પાસેથી આવી વાત સાંભળીને, હૃદયમાં ધારણ કરીને, ક્રોધિત થઈને, ગુસ્સામાં દાંત કચકચાવતાં, ધૂંવાપૂવાં થઈને ધન્ય સાર્થવાહે ઉજિઝાકાને મિત્રો, જ્ઞાતિજનો આદિ તથા ચારે પુત્રવધૂઓના પિયરવર્ગની સામે ઘરની રાખ ફેંકનારી, વાસીદું વાળનારી, કચરો કાઢનારી, ફળિયામાં પાણી છાંટનારી, સાવરણીથી ઘરને વાળીને સાફ કરનારી, પગ ધોવા માટે કે સ્નાન માટે પાણી દેનારી અને સંદેશવાહક દાસીના રૂપમાં નિયક્ત કરી.

૬) યતિધર્મના પ્રકાર કેટલા ? કયા કયા ?

જઃ ૬) યતિધર્મના ૧૦ પ્રકાર : ખંતિ (ક્ષમા), મુક્તિ (નિર્લોભતા), આર્જવ, માર્દવ, લાઘવ, સત્ય, તપ, ત્યાગ, અકિંચનવૃત્તિ, બ્રહ્મચર્ય.

---

પ્રશ્ન - ૫ (ક) ઉપાસક દશાંગ સૂત્રના આધારે જવાબ લખો (છમાંથી કોઈ પણ પાંચ)

૧) શિવાનંદાનું વ્યક્તિત્વ લખો.

**જવાબ – ૫ : ૧) શિવાનંદા પાંચ ઈન્દ્રિયથી પૂર્ણ શરીરવાળી હતી. તે આનંદ ગાથાપતિમાં અનુરક્ત, અનુરાગવાળી હતી. ક્યારેય અવિરક્ત - અનુરાગશૂન્ય કે દુષ્ટ થતી નહોતી. તે પોતાના પતિ સાથે પ્રિય શબ્દ, સ્પર્શ, રસ, રૂપ તથા ગંધ - આ પાંચ પ્રકારના સાંસારિક કામભોગ ભોગવતી હતી.**

૨) જિતશત્રુરાજાએ ભગવાનનાં દર્શન કરવા જતાં કેટલા રાજચિન્હોનો ત્યાગ કર્યો ? અને કેટલા નિયમોનું પાલન કર્યું ?

**જ. : ૨) તલવાર, મુગટ, શિબિકા, છત્ર, ચામર-આ પાંચ રાજચિહ્નોનો ત્યાગ કર્યો.**

**૧) સચેત પદાર્થોનો ત્યાગ ૨) અચેત અયોગ્ય પદાર્થોનો ત્યાગ ૩) એકશાટિક - એક ખભા પર રહેનાર વસ્ત્રને મુખ પર ધારણ કરીને ૪) ધર્મનાયક પર દૃષ્ટિ પડતાં જ હાથ જોડ્યા. ૫) મનને એકાગ્ર રાખ્યું - આ પાંચ નિયમોનું પાલન કર્યું.**

૩) આનંદ શ્રાવકની પાંચમા વ્રતની મર્યાદા લખો.

**જ: ૩) પાંચમા પરિગ્રહ (ઈચ્છા)ની મર્યાદા કરતાં હિરણ્ય અને સુવર્ણની મર્યાદા કરે છે - ''૪ કરોડ સુવર્ણમુદ્રા નિધાનમાં (ભંડારમાં), ૪ કરોડ સુવર્ણમુદ્રા વેપારમાં અને ૪ કરોડ સુવર્ણમુદ્રા ઘર અને ધન-ધાન્ય, ઘર વૈભવમાં રોકેલી છે, તે સિવાય બાકીની હિરણ્ય-સુવર્ણનો - સોનામહોરને ત્યાગ, ૧૦ હજાર ગાયોનું એક વ્રજ એવા ૪ વ્રજ સિવાય બાકીના ચતુષ્પદ (ચારપગાં પ્રાણી)ના પચ્ચક્ખાણ.**

૪) આનંદ શ્રાવકે પૌષધ કયાં ગ્રહણ કર્યો ? પોષધશાળામાં જઈને શું કર્યું ?

**જ : ૪) આનંદ શ્રાવકે કોલ્લાક સન્નિવેશમાં જ્ઞાતકુલની પૌષધશાળામાં પોષધ ગ્રહણ કર્યો. ત્યાં જઈને પૌષધશાળાનું પ્રતિલેખન કર્યું, પ્રમાર્જન કર્યું. વડીનીત, લઘુનીતના સ્થાનની પ્રતિલેખના કરીને ડાભના વાંસની પથારી કરી તેના પર બેસી પૌષધ સ્વીકારીને શ્રમણ ભગવાન મહાવીરસ્વામી દ્વારા કહેલ ધર્મપ્રજ્ઞપ્તિને સ્વીકારી રહેવા લાગ્યા.**

૫) ઈન્દ્રભૂતિ અણગાર છઠ્ઠના પારણાના દિવસે શું કરતા ?

**જ. ૫) ઈન્દ્રભૂતિ અણગાર છટ્ઠના પારણાના દિવસે પ્રથમ પોરસીમાં સ્વાધ્યાય કરે છે, બીજી પોરસીમાં (સૂત્રના અર્થના ચિંતનરૂપ) ધ્યાન ધરે છે, ત્રીજી પોરસીએ ઉતાવળ અને ચપળતારહિત થઈને મુખવસ્ત્રિકાનું અને ત્યાર બાદ પાત્ર અને વસ્ત્રનું પ્રતિલેખન કરે છે. પ્રતિલેખન કરી વસ્ત્ર અને પાત્રને પૂંજે છે. પછી તે પાત્રા લઈને ભગવાન પાસે ભિક્ષાચર્યાની આજ્ઞા લેવા જાય છે.**

૬) જંબૂ સ્વામીનો સુધર્મા સ્વામી પ્રત્યે વિનય કેવો હતો ?

**જ: ૬) જંબૂસ્વામીના મનમાં જિજ્ઞાસા અને કુતૂહલ ઉત્પન્ન થતાં તેઓ જ્યાં સુધર્મા સ્વામી બિરાજતા હતા ત્યાં આવ્યા અને ૩ વાર પ્રદક્ષિણા કરીને, વંદન-નમસ્કાર કરી, ન તો અતિ દૂર, ન તો અતિ નજીક આવી, વિયનપૂર્વક હાથ જોડતાં પર્યુપાસના કરતાં પ્રશ્ન પૂછે છે.**

(ખ) અંતગડ દશાંગ સૂત્રના આધારે જવાબ લખો.

૧) અંતકૃત એટલે શું

**જવાબ (ખ): ૧) જે મહાપુરુષોએ ભવનો અંત કર્યો છે તે અંતકૃત.**

૨) ગૌતમ અણગારે કોની સાથે અને કયા પર્વત પર સંથારો લીધો ?

**જ : ૨) સ્થવિર મુનિની સાથે, શત્રુંજય પર્વત પર.**

૩) અંતગડ દશાંગ સૂત્ર કેટલામું અંગસૂત્ર છે ? તેના વર્ગ કેટલા ?

**જ: ૩) આઠમું અંગસૂત્ર, આઠ વર્ગ.**

૪) ગૌતમકુમાર સાધુ બન્યા પછી કઈ આંખ દ્વારા જ સર્વ કામ કરતા ?

**જ: ૪) નિર્ગ્રંથ પ્રવચનની આંખ દ્વારા**

૫) કૃષ્ણ વાસુદેવનું રાજ્યક્ષેત્ર લખો.

જ: ૫) દ્વારિકાથી વૈતાઢય પર્વત સુધી અડધા ભરતક્ષેત્ર (ભરતક્ષેત્રના ૩ ખંડ)માં એકછત્ર રાજ્ય કરનાર.

---

પ્રશ્ન - ૬ : અનુત્તરોવવાઈ સૂત્રના આધારે જવાબ લખો :

૧) અનુત્તરોવવાઈ સૂત્રનું બીજું નામ શું ? તેના વર્ગ કેટલા ?

જવાબ - ૬: ૧) અનુત્તરોપપાતિક દશાંગ સૂત્ર, ૩ વર્ગ

૨) રાજગૃહ નગર કેવું હતું ?

જ: ૨) સ્વચક્ર-પરચક્રના ભયથી રહિત, સમૃદ્ધ, સ્થિર અને ઋદ્ધિ સંપન્ન હતું.

૩) જાલિકુમારનો જન્મોત્સવ અને તપ કોના જેવા હતા ?

જ: ૩) જન્મોત્સવ - મેઘકુમાર જેવી, તપઃ ખંધકમુનિ જેવું

૪) જાલિકુમારે પ્રત્યેક પત્નીને શું શું આપ્યું હતું ?

જ: ૪) ૧-૧ કરોડ ચાંદી, ૧-૧ કરોડ સુવર્ણ, ૧-૧ પ્રેષ્યકર્મ કરનારી દાસી - તે સિવાય બીજું ઘણું ધન-સોનું આપ્યું જે દાન દેવામાં, ભોગ-ઉપભોગમાં અને ભાગ કરવામાં ૭ પેઢીઓ સુધી પર્યાપ્ત હતું.

---

પ્રશ્ન - ૭ : દશવૈકાલિક સૂત્રના તેમજ પુચ્છિસુણંના આધારે કડી પૂર્ણ કરો અને ભાવાર્થ લખો : (શબ્દાર્થ નહીં) (કોઈ પણ પાંચ)

જવાબ - ૭: સાથે ૧) ધમ્મો ............ મણો

જ.:૧) જઃ ધમ્મો મંગલ મુક્કિટ્ઠં, અહિંસા સંજમો તવો ।
દેવા વિતં નમંસંતિ, જસ્સ ધમ્મે સયામણો ॥

<u>અર્થ :</u> અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મ જ સર્વ મંગલોમાં ઉત્કૃષ્ટ મંગલ છે. જેનું મન સદા ધર્મમાં લીન રહે છે, તેને દેવો પણ નમસ્કાર કરે છે.

૨) જે ય ............ વુચ્ચઈ

જ: ૨) જે ય કંતે પિએ ભોએ, લદ્ધે વિ પિટ્ઠિ કુવ્વઈ।
સાહીણે ચયઈ ભોએ, સે હુ ચાઈત્તિ વુચ્ચઈ ॥૩॥

<u>અર્થ :</u> જે વળી કમનીય અને પ્રિય ભોગો મળવા છતાં પણ સ્વાધીનપણે પોતાની મરજીથી તે ભોગો તરફથી નજર વાળી લઈ તેનો ત્યાગ કરે છે, તે જ ખરેખર ત્યાગી કહેવાય.

૩) ઉદ્દેસિયં ............ વીયણે જવાબ - ૬ઃ

જ: ૩) ઉદ્દેસિયં કીયગડં, નિયાગમભિહડાણિ ય ।
રાઈભત્તે સિણાણે ય, ગંધમલે ય વીયણે ॥૨॥

<u>અર્થ :</u> ૧) ઉદ્દેસિયં = સાધુને ઉદ્દેશીને બનાવેલ આહારાદિ. ૨) કીયગડં = સાધુ નિમિત્તે વેચાતું લાવીને કોઈ આપે. ૩) નિયાગં = આમંત્રણ આપનારના આહાર વગેરેમાં લે.
૪) અભિહડાણિ = સાધુ નિમિત્તે ઘરેથી કે ગામથી સામેથી લાવીને આપે.
૫) રાઈભત્તે = રાત્રિભોજન ૬) સિણાણે = સ્નાન વગેરે ૭) ગંધ = સુગંધી ચીજો વાપરવી.
૮) મલ્લે : ફૂલની માળા વગેરે પહેરવા ૯) વીયણે = વીંઝણા, પંખા આદિથી પવન ખાવો.

૪) અણુત્તરં ............ વિસિટ્ઠે

જ: ૪) અણુત્તરં ધમ્મમિણં જિણાણં, ણેયા મુણી કાસવ આસુ પન્ને ।
ઈંદે વ દેવાણ મહાણુભાવે, સહસ્સણેયા દિવિ ણં વિસિટ્ઠે ॥

<u>અર્થ :</u> દેવલોકને વિશે ઈન્દ્ર જેમ દેવોમાં મહાપ્રભાવક, હજારો દેવોના નાયક અને સર્વોત્તમ છે, તેમ સર્વ તીર્થંકરોએ પ્રરૂપેલો આ જે સર્વોત્તમ ધર્મ છે, તેને પ્રકાશ કરનાર

કાશ્યપ ગોત્રી, આસુપ્રજ્ઞ અને કેવળજ્ઞાન શ્રી મહાવીરદેવ સર્વથી ઉત્તમ હતા.

૫) રુકખેસુ........... ભૂઈપન્ને

જ: ૫) રુક્ખેસુ નાએ જહ સામલી વા, જંસિ રઈં વેદયંતિ સુવણ્ણા ।
વણેસુ વા નંદણમાહુ સેટ્ઠં, નાણેણ સીલેણ ય ભૂઈપન્ને ॥૧૮॥
<u>અર્થ :</u> જેમ વૃક્ષોમાં દેવકુરુ ક્ષેત્રનું) શાલ્મણી વૃક્ષ જગપ્રસિદ્ધ છે, જે વૃક્ષને વિશે સુવર્ણકુમાર દેવતાઓ રતિસુખ વેદે છે, વનને વિશે જેમ નંદનવન (દેવોનું ક્રીડાસ્થાન) શ્રેષ્ઠ છે તેવા શ્રી ભગવાન જ્ઞાને અને ચારિત્રે કરી પ્રભૃજ્ઞાની હતા.

૬) જોહેસુ ............ વદ્ધમાણે

જ : ૬) જોહેસુ નાએ જહ વીસસેણે, પુપ્ફેસે વા જહ અરવિંદમાહુ ।
ખત્તીણ સેટ્ઠે જહ દંતવક્કે, ઈસીણ સેટ્ઠે તહ વદ્ધમાણે ॥૨૨॥
<u>અર્થ :</u> જેમ યોદ્ધાઓમાં વિશ્વસેન (વાસુદેવ), પુષ્પોમાં અરવિંદ કમળ, ક્ષત્રીઓમાં દંતવાક્ય (વાક્ય પાળનારો-ચક્રવર્તી) શ્રેષ્ઠ છે તેમ ઋષિઓમાં શ્રી વર્ધમાન શ્રેષ્ઠ હતા.

---

**પ્રશ્ન – ૮ : ભગવતીસૂત્રના થોકડાના આધારે ઉત્તર આપો :**

૧) દિશાકુમારના દેવ તથા સુદંસણે દેવના સુખ કોણ ઉલ્લંઘી જાય ?

જ: ૧) દિશાકુમારના દેવ : બે માસ નિર્મળ સંયમ પાળવાથી.
સુદંસણે દેવ : ૧૧ માસ નિર્મળ સંયમ પાળવાથી

૨) શ્રમણ નિગ્રંથના સુખની તુલ્યતા અને ગર્ભ વિચાર કયા સૂત્રના, કયા અધ્યયનના આધારે છે ?

જ: ૨) શ્રમણ નિર્ગ્રંથ સુખની તુલ્યતા = ભગવતી સૂત્ર - શતક - ૧૪, ઉદ્દેશક - ૯
ગર્ભ વિચાર = ભગવતી સૂત્ર - શતક - ૧, ઉદ્દેશક - ૭

૩) ગર્ભમાં રહેલો જીવ કયા કારણથી નરકમાં જાય છે ?

જ : ૩) ગર્ભમાં મરેલો સંજ્ઞી પંચ, પૂર્ણ પર્યાપ્તિવાળો, વીર્યલબ્ધિ, વૈક્રિય લબ્ધિવાળો જીવ કોઈ કામ સમય પોતાના પિતા પર ચડાઈ કરવા આવેલા શત્રુની વાત સાંભળી વૈક્રિય લબ્ધિથી પોતાના આત્મપ્રદશોને ગર્ભમાંથી બહાર કાઢે છે અને વૈક્રિય સમુદ્‌ઘાત કરીને ચતુરંગિણી સેના બનાવી શત્રુસેના સાથે યુદ્ધ કરે છે. યુદ્ધ કરતો તે જીવ આયુષ્ય પૂર્ણ કરે તો મરીને નરકમાં ઉત્પન્ન થાય છે કારણ કે તે સમયે તે જીવ રાજ્ય, ધન, કામ, ભોગ આદિનો અભિલાષી છે માટે તે જીવ મરીને નરકમાં જાય છે.

૪) માતા-પિતાનો ઉપકાર શા માટે ભૂલવો જોઈએ નહીં ?

જ : ૪) માતા-પિતાનો અંશ (પ્રથમ સમયમાં લીધેલ ઓજ આહાર) જ્યાં સુધી જીવનું ભવધારિણીય શરીર રહે ત્યાં સુધી રહે છે. સમય સમય પર તે ક્ષીણ થતું જાય. યાવત્ આયુષ્ય સમાપ્ત થાય ત્યાં સુધી માતા-પિતાનો કોઈ ને કોઈ અંશ રહે જ છે. માટે આ શરીર પર માતા-પિતાનો બહુ જ મોટો ઉપકાર છે. તેનાથી જ તે જીવે છે માટે માતા-પિતાનો ઉપકાર ક્યારેય ભૂલવો જોઈએ નહીં

૫) ગર્ભસ્થ જીવના શરીરમાં માતાના અને પિતાના કેટલાં અંગ હોય છે ?

જ :૫) ૧) માંસ,૨ રુધિર (લોહી) અને ૩) મસ્તક (ભેજું) આ ૩ અંગ માતાનાં હોય છે.
૧) હાડ,, ૨) મજ્જા અ ને ૩) કેશ-નખરોમ - આ ૩ અંગ પિતાના હોય છે.

---

**પ્રશ્ન – ૯ : પ્રજ્ઞાપનાના થોકડાના આધારે જવાબ લખો :**

૧) એક વર્ષનો જઘન્ય અને ઉત્કૃષ્ટ શ્વાસોચ્છવાસ કાળ કોનો છે ?

જ : ૧) જઘ. ત્રીજી ગ્રૈવેયકનો અને ઉત્કૃષ્ટ બીજી ગ્રૈવેયકનો.

૨) નારકી અને મનુષ્યના જીવો કેવી રીતે શ્વાસ લે છે ?

જ : ૨) **નારકીના જીવ નિરંતર લુહારની ધમણની જેમ અને મનુષ્યના બધા જીવો વિમાત્રા - અનિયતકાળ (બે શ્વાસોચ્છ્વાસ વચ્ચેનો કાળ નક્કી નથી)થી શ્વાસોચ્છવાસ લે છે.**

૩) જે દેવોની સ્થિતિ સંખ્યાતકાળની અને સાગરોપમની છે તે શ્વાસ કોના પ્રમાણે લે છે ?

જઃ ૩) **જે દેવની સ્થિતિ સંખ્યાતકાળની છે તેમના શ્વાસો થોક પ્રમાણે**
**જે દેવની સ્થિતિ સાગરોપમની છે તેમના શ્વાસો પક્ષ પ્રમાણે હોય.**

૪) તિર્યંચમાં ક્રોધાદિનો અલ્પબહુત્વ લખો.

જ : ૪) **તિર્યંચમાં સૌથી થોડું માન, તેથી ક્રોધ વિશેષાધિક,**
**તેથી લોભ વિશેષાધિક, તેથી લોભ વિશેષાધિક. (૨, ૧, ૪, ૩)**

૫) નારકીમાં આહારાદિનો અલ્પબહુત્વ લખો.

જ :૫) **નારકીમાં સૌથી થોડી મૈથુન સંજ્ઞા,**
**તેથી આહારસંજ્ઞા સંખ્યાતગુણી,**
**તેથી પરિગ્રહસંજ્ઞા સંખ્યાતગુણી**
**તેથી ભય સંજ્ઞા સંખયાતગુણી (૩, ૧, ૪, ૨)**

૬) શીતોષ્ણ વેદના, ઉષ્ણ વેદના અને શીત વેદના કોને નથી? (M A P B)

જ : ૬) **શીતોષ્ણ વેદના = ૨૩ દંડકમાં (નારકી વર્જીને) - નારકીને નથી.**
**ઉષ્ણ વેદના = ૧ થી ૫ નરક તથા શેષ ૨૩ દંડકમાં - ૬, ૭ નરકમાં નથી.**
**શીત વેદના = ૪ થી ૭ નરક તથા શેષ ૨૩ દંડકમાં - ૧, ૨, ૩ નરકમાં નથી.**

---

**પ્રશ્ન - ૧૦ : આગમપરંપરાના આધારે જવાબ લખો :**

૧) ભગવાન મહાવીરનું દીક્ષા કલ્યાણક કયાં અને ક્યારે થયું ?

જઃ **૧) કારતક વદ - ૧૦, ક્ષત્રિયકુંડમાં જ્ઞાતાખંડ ઉદ્યાનમાં, છઠ્ઠની તપશ્ચર્યા.**

૨) દ્વિતીય આગમ વાચના લખો.

જઃ ૨) **દ્વિતીય આગમ વાંચના :- કુમારગિરિ પર્વત પર ઇ. પૂર્વે દ્વિતીય શતાબ્દી મધ્યે મહારાજા ખારવેલ દ્વારા આયોજિત મૌર્યકાળમાં - વિસ્તારથી અંગસૂત્રનો ઉદ્ધાર.**

૩) કેટલા આચાર્ય શ્રુતકેવળી રૂપે વિચર્યા ?

જ : ૩) **પાંચ આચાર્ય શ્રુતકેવળી રૂપે વિચર્યા.**

૪) સાતમા પૂર્વનું નામ અને વિષય લખો.

જ : ૪) **૭મું પૂર્વ - આત્મા પ્રવાદ પૂર્વ - નય પ્રમાણ, દર્શન સહિત આત્મસ્વરૂપ.**

૫) કેટલા આચાર્ય સામાન્ય પૂર્વધરપણે વિચર્યા ?

જ : **૫) ૨૮ આચાર્ય સામાન્ય પૂર્વધરપણે વિચર્યા.**

॥ જય જિનેન્દ્ર ॥